રાત દિવસ કૈં લાગે હર પળ એ પણ સાચું, આ પણ સાચું,
અંધારે આ કેવી ઝળહળ? એ પણ સાચું, આ પણ સાચું.

ભીતર શુંય ગયું દેખાઈ? ભણતર સઘળું ગયું ભુલાઈ,
કહેતો ફરું છું સૌની આગળ એ પણ સાચું, આ પણ સાચું.

અપમાનિત કે સમ્માનિત હો બેઉ ખેલ છે બન્ને ખોટાં,
કાં તો સ્વીકારી લે હર પળ એ પણ સાચું, આ પણ સાચું.

સપનામાંથી જાગ્યો જ્યારે એ પળમાં મૂંઝાયો ભારે,
અંદર-બાહર, આગળ-પાછળ એ પણ સાચું, આ પણ સાચું.

કોઈ 'કાલ'માં શું બંધાવું? કેવળ ખળખળ વહેતા જાવું,
'મિસ્કીન' આનું નામ છે અંજળ... એ પણ સાચું, આ પણ સાચું.

કોણ અહીં કોનું છે ક્યાં લગ? સઘળું નિશ્ચિત છતાંય લગભગ,
મિસ્કીન એનું નામ છે અંજળ... એ પણ સાચું, આ પણ સાચું.

◆

કોઈ ડોકાશે નહીં કોશિશ ન કર,
દર્દ સમજાશે નહીં કોશિશ ન કર.

આંખમાં-દિલમાં-હથેળી પર લખ્યું,
કૈં જ વંચાશે નહીં કોશિશ ન કર.

હાથમાં છે હાથ વર્ષોથી છતાં,
નાડ પકડાશે નહીં કોશિશ ન કર.

છે કણેકણમાં ભલે ગ્રંથો કહે,
ક્યાંય દેખાશે નહીં કોશિશ ન કર.

દોસ્ત! સઘળું અહીંયાં વૉટરપ્રૂફ છે,
કોઈ ભીંજાશે નહીં કોશિશ ન કર.

હા ભલે મતભેદ હમ્મેશા થતા,
મન અલગ થાશે નહીં કોશિશ ન કર.

એમને માટે સંબંધો વસ્ત્ર છે,
એ ત્વચા થાશે નહીં કોશિશ ન કર.

છોડ તું બમણી ગતિની ઘેલછા,
બમણું જિવાશે નહીં કોશિશ ન કર.

જાતમાં મિસ્કીન ડૂબી જા હવે,
પાર પ્હોંચાશે નહીં કોશિશ ન કર.

◆

ક્યાંથી? ક્યાંથી? પસાર થઉં છું,
જમાય થઉં છું ઉધાર થઉં છું.

શ્વાસે શ્વાસે અપાર થઉં છું,
સ્મરણનો કેવો સુમાર થઉં છું.

આ તે કેવો વિચાર થઉં છું?
ટુકડે ટુકડે હજાર થઉં છું.

આંસુ, શબ્દો બધું જ ખૂટે,
પછી જ સાચી પુકાર થઉં છું.

સુખદુઃખ વચ્ચે તરણા જેવો,
આઘો-પાછો લગાર થઉં છું.

હજાર સાંજો હજાર યાદો,
ને એક ઝટકે સવાર થઉં છું.

જરાય મન ક્યાં? કશું થવાનું,
અને છતાંયે ધરાર થઉં છું.

ફર્યા કરે છે તમામ દુનિયા,
સૂરજની માફક પસાર થઉં છું.

નથી જ થઈ શકતો હું કશુંયે,
હરી ફરીને વિચાર થઉં છું.

◆

સ્વપ્નનું જગત શું છે? કો’ક દી તો જાણી જો,
મનની આ રમત શું છે? કો’ક દી તો જાણી જો.

કાળ, મુહૂર્ત, દસકો નામ ગમે તે આપે,
ટૂંકમાં વખત શું છે કો’ક દી તો જાણી જો.

પાંદડુંય ના ફરકે જો પ્રભુની ઇચ્છા વિણ,
આ બધી મમત શું છે કો’ક દી તો જાણી જો.

ફૂલથીય કોમળ છે આ કશુંક ભીતર તો,
વજ્રથી સખત શું છે કો’ક દી તો જાણી જો.

છે દરેકની કિંમત રોજ ચૂકવવાની પણ,
મૂલ્યમય મફત શું છે કો’ક દી તો જાણી જો.

તું સદાય ટાળે છે, ક્યાંય પણ ઉઘડવાનું,
પ્રેમની શરત શું છે કો’ક દી તો જાણી જો.

ખંડખંડ છે સઘળું એય રઝળતું મિસ્કીન,
તો પછી સતત શું છે? કો’ક દી તો જાણી જો.

◆

હોય છે ઘરમાં જુદો ને બ્હાર જુદો હોય છે,
એક માણસનો સતત વ્યવહાર જુદો હોય છે.

વાત એની એ જ તો પણ સાર જુદો હોય છે,
મૂડ પણ માણસનો વારંવાર જુદો હોય છે.

એક બાળકનોય કાયમ ભાર જુદો હોય છે,
ટૂંકમાં એ હાથ ઊંચકનાર જુદો હોય છે.

મન સુધી – મતલબ સુધી આકાર જુદો હોય છે,
કેમ સમજાવું? એ સમજણ-બ્હાર જુદો હોય છે.

આભથી આઘે કદી, તો પ્રાણથી પાસે કદી,
હરવખત એ યાદનો વિસ્તાર જુદો હોય છે.

એટલે સંબંધ સઘળા સાવ તરસ્યા નીકળે,
હોય છે જેની તરસ એ પ્યાર જુદો હોય છે.

હોય છે સંસારમાં, સંસાર એનામાં નહીં,
કોઈ પણ જાગેલનો સંસાર જુદો હોય છે.

ઘર જુદાં છે, મન જુદાં છે, આંખ પણ મિસ્કીન અલગ,
રાત એક જ પણ બધે અંધાર જુદો હોય છે.

◆

*એક પ્રસંગ યાદ આવે છે. હિમાલયના પર્વતો ઉપર એક પાંત્રીસ-ચાલીસ વર્ષનો મજબૂત સંન્યાસી પહાડ ચઢી રહ્યો છે. ખપ પૂરતું વજન ઊંચક્યું છે છતાંય હાંફી રહ્યો છે. તેની નજર એક દસ-બાર વર્ષની છોકરી ઉપર પડે છે. છોકરીને જોઈને પેલો સંન્યાસી પૂછે છે : આ છોકરાને ઊંચક્યો છે તો ભાર નથી લાગતો? છોકરી જવાબ આપે છે : સાધુમહારાજ, આ ભાર નથી. આ તો મારો ભાઈ છે. એક બાળકને માતા ઊંચકે, તેને સાચવનારી પગારદાર સ્ત્રી ઊંચકે, પોતાના ઊંચકે, પારકા ઊંચકે, વ્હાલથી ઊંચકે, ઈર્ષ્યાથી ઉંચકે, આમ દરેક વખતે ભાર જુદો હોય છે.*

આંખ એટલે મરી ગયેલા દરિયા જાણે,
અને શ્વાસમાં કોઈ dace*નાં સપનાં જાણે

સ્પર્શ થતાંની પળમાં પાછી થાય સજીવન,
દમયંતીના મત્સ્ય સમી એકલતા જામે.

આ હરતીફરતી ઋતુઓ, આ સામા મહિના,
મારા વીતેલા દિવસોનાં પગલાં જાણે.

આ તે કેવું શહેર વસાવ્યું ઓ અહમદશા,
આખેઆખું જીવતર લાગે અફવા જાણે.

પેલો રાજેશ વ્યાસ થયો મિસ્કીન કઈ રીતે,
એ વાતો બસ એક અટૂલી ઇચ્છા જાણે.

◆

** મીઠા જળની શ્વેત રૂપકડી માછલી.*

જે નથી ભાગ્યમાં એ સ્મરણમાં સતત,
યાદ આવ્યાં ઝરણ આમ રણમાં સતત.

એય સારું થયું ભૂલતા થઈ ગયા,
ક્યાં લગી ઝીંકતે મન ઉપર ઘણ સતત.

ક્યાં મળાયું કદી જેમ મળવું હતું,
કોણ આ રાખતું આવરણમાં સતત.

કોઈ ને કોઈ દેશે ભટકતો મળું,
આંખમાં ચરણમાં એ જ આંગણ સતત.

એ જ ચાલે રમત રૂપ નોખા ફક્ત,
જે કંઈ પણ રમ્યા બાળપણમાં સતત.

ક્યાંકથી તો કદી સાથ આ છોડ મન,
કેટલી ઊંચકશું આમ સમજણ સતત.

પ્હાડના પ્હાડ ખોદો છતાં ના મળે,
ધબકતો એ જ પ્રત્યેક કણમાં સતત.

◆

*આ ગઝલમાં એક કાફિયા છે સ્મરણ, આવરણ, બાળપણ... બીજા કાફિયા છે. આંગણ સમજણ વગેરે. બંને કાફિયા જુદા છે. ગઝલમાં '...માં સતત' અને 'સતત' બે રદીફ છે. બંને પોતાની રીતે એક ગઝલ બનીને આવી ગયા છે. કોઈ પ્રયાસ નથી, પ્રયોગનો કોઈ જ ઇરાદો નહોતો.*

ખળભળ્યું શુંય અંદર... અઠે દ્વારકા,
થઈ ગયા મૂંગા-મંતર અઠે દ્વારકા.

સર્વ રસ્તા ગયા, ક્યાં જવું? દોડવું?
ક્યાં તસુભરનું અંતર? અઠે દ્વારકા.

થઈ ધજા ફરફરું, થઈ શિખર ઝળહળું,
ઘૂઘવ્યું થઈ સમંદર અઠે દ્વારકા.

ટેવ પડપૂછની મન લઈને ટળ્યું,
કોઈ પ્રશ્નો ન ઉત્તર અઠે દ્વારકા.

એ ગુલામી એ શેઠઈ હતી મનઘડત,
ના હવે ક્યાંય નિર્ભર અઠે દ્વારકા.

આંખ ખૂલ્યા પછીનો ફરક આટલો,
ત્યાં હતા માત્ર ચક્કર, અઠે દ્વારકા.

◆

કોઈ નથી રડવાનું પાછળ, આપ મૂએ સબ ડુબ ગઈ દુનિયા,
જાણી લે જુઠ્ઠી છે ઝળહળ આપ મૂએ સબ ડુબ ગઈ દુનિયા

છોડ બધી કહેણી ને કરણી, માણી લે ‘હોવું’ ફૂલઝરણી,
કર્યું કરાવ્યું થાશે અટકળ આપ મૂએ સબ ડુબ ગઈ દુનિયા

તું જ અહીં કેવળ ત્હારો છે માણસ માતર નોધારો છે,
સઘળા સગપણ અંતે મૃગજળ આપ મૂએ સબ ડુબ ગઈ દુનિયા.

જેને જે લેવું – લેવા દે, જેને જે કરવું કરવા દે,
વ્યર્થ બધા દરવાજા-સાંકળ આપ મૂએ સબ ડુબ ગઈ દુનિયા.

જાણ્યું, જોયું, જીવ્યા સાચું બાકીનું બધ્ધુંયે કાચું,
નામ-કામ સઘળું છે પોકળ આપ મૂએ સબ ડુબ ગઈ દુનિયા.

જબ તક સૂરજ ચાંદ રહેગા તબ તક ‘મિસ્કીન’ નામ રહેગા,
ગમે બોલવું-સાંભળવું પણ... આપ મૂએ સબ ડુબ ગઈ દુનિયા.

◆

*આ ગઝલના અંતિમ શેરમાં ‘પણ’ કાફિયા કોઈને ખટકે ખરો. ‘પણ’ કાફિયાને બદલે પાછળ, ઝળહળ, અટકળ, મૃગજળની જેમ ‘હરનપળ’ પ્રયોજી શકાય. પરંતુ ગઝલના અંતિમ શેરની મઝા,નતેનું હાર્દ મરી જાય છે. ગમે આ સાંભળવાનું હર પળ, આપ મુએ સબ ડુબ ગઈ દુનિયા– આમ કે આવી કોઈ પંક્તિ લખી શકાય, પરંતુ કાફિયાને બદલે ‘પણ’ સહેતુક પ્રયોજ્યો છે. આમેય અંતિમ પળોમાં બધા જ પ્રાસ છૂટી જતા હોય છે.*

કરી જ્યારે જ્યારે આ દુનિયાથી નેકી,
અમે પણ પછી એને દરિયામાં ફેંકી.

ખરા મશ્કરા છે આ મિત્રો વિવેકી,
ખરા ટાંકણે નામ કાઢે છે ચેકી.

હજુ બાળપણનું એ તોફાની સપનું,
મને ચોરવા આવતું વાડ ઠેકી.

નથી કોઈ હોતું આ રણમાં છતાંયે,
પછી જોઉં તો જાઉં છું હુંય મહેકી.

અહીં માત્ર છે એક મૃત્યુ જ નિશ્ચિત,
છતાંયે રમે શ્વાસ એકી ને બેકી.

સ્મરણ બાળપણના સખાનું સહજ કૈં,
સુદામાની જેમ જ છે મિસ્કીન ટેકી.

◆

જીવવાનું શાને માટે? ક્યાં છે ઉત્તર કોઈ પણ?
એટલે ઊજવી નથી શકતો હું અવસર કોઈ પણ.

લય વગરની જિંદગી છે, સાવ ખાલીખમ હૃદય,
હા, નથી સાચે જ આ દુનિયામાં સધ્ધર કોઈ પણ.

વાંચશે કઈ રીતે બુદ્ધિ પ્રેમની બારાખડી?
છે અભણની આંખમાં સરખા જ અક્ષર કોઈ પણ.

એ ધબકશે આંખમાં, શ્રદ્ધામાં, રોમેરોમમાં,
બસ બધું ભૂલીને તું પૂજી જો પથ્થર કોઈ પણ.

માત્ર દોડાદોડ જીવનની રઝળતી વારતા,
આમ બસ ખેંચે છે લખચોર્યાસી ચક્કર કોઈ પણ.

વ્હેલી સવારના અંધારે, ઉમ્મર આંટો મારી ગઈ છે,
હળવે હળવે આવી, ભારે ઉમ્મર આંટો મારી ગઈ છે.

વાવાઝોડાની માફક જે ફૂંકાતો – ફંગોળી નાખે,
અવળા-સવળા એ એંકારે ઉમ્મર આંટો મારી ગઈ છે.

વાતોમાં ને વાતોમાં ક્યાં વાટ ખૂટી ગઈ ખબર પડી ના,
એ પણ ખ્યાલ રહ્યો ના ક્યારે ઉમ્મર આંટો મારી ગઈ છે.

ક્યાંક મૂળમાં તું જ હોય ના, નિરાંતે મન શોધ કરી જો,
કોના અણસારે? આધારે? ઉમ્મર આંટો મારી ગઈ છે.

બચપણથી એનો એ મિસ્કીન, સપનામાં-સપનાની બાહર,
ભેદભરમની આ ભરમારે ઉમ્મર આંટો મરી ગઈ છે.

◆

રહી જાગતું હર વખત કોઈ રોકે,
કશું પણ કરું જો ગલત કોઈ રોકે.

બધું ચાલ છોડી કશે જઉં થતું જ્યાં,
કરી સાવ કપરી શરત કોઈ રોકે.

કદી છૂટથી ના હળાયું-મળાયું,
ઊઘડવા ચહો ત્યાં તરત કોઈ રોકે.

ઘડી ક્યાંક અટક્યા હતા રાખવા મન,
હવે એ જ કારણ સતત કોઈ રોકે.

હશે કેવું મિસ્કીન રોકાઈ જાવું?
ફક્ત પૂર્ણ કરવા મમત કોઈ રોકે.

◆

હવે છે એ સમય અટકળ મળાયું પણ ભળાયું નહિ
નડ્યા કૈં આવરણ હર પળ મળાયું પણ ભળાયું નહિ.

હવે શોધું છું સરનામું, જીવન આ થઈ ગયું લાંબું,
છે લખવો એટલો કાગળ... મળાયું પણ ભળાયું નહિ.

સતત ખખડાવી તેં સાંકળ તેં તેડાવ્યો લખી કાગળ,
હતા મારા જ કૈં અંજળ મળાયું પણ ભળાયું નહિ.

અમે કાંઠે ઊભા રહીને રચ્યો જે ખેલ એ જોયો,
અને તું વહી ગયો ખળખળ મળાયું પણ ભળાયું નહિ.

હવે તારા સ્મરણથી જાતને અજવાળવી મોટા*,
રહ્યો અફસોસ કે હર પળ મળાયું પણ ભળાયું નહિ.

◆

* પૂજ્ય મોટા

કૈંક આગિયા સૂરજ સમ ઝળહળતા જોયા,
કૈંક સૂરજને ભર મધ્યાહ્ને ઢળતા જોયા.

મેરુ સમ જે લાગ્યા'તા એ ચળતા જોયા,
કાળમીંઢ પથ્થર જેવા પીગળતા જોયા.

ઉપર ઉપર હસતા ભીતર ખળભળતા જોયા,
દાણે દાણે દાનવીર ટળવળતા જોયા.

દાઝેલા હૈયે ઝરણાં ખળખળતાં જોયાં,
શીતળ છાયે બેઠેલા ફળફળતા જોયા.

પ્રાણ સમા જે હતા ક્રૂર થઈ છળતા જોયા,
કેટકેટલા ચહેરા ભળતા-સળતા જોયા.

અંજળ ક્યાં ક્યાં ને કેવા નીકળતા જોયા,
જીવનના આ રસ્તા ક્યાં ક્યાં મળતા જોયા?

મિસ્કીન શેના એંકારે સંસારે ફરવું?
અચ્છા અચ્છાનાં પાણી જ્યાં વળતાં જોયાં.

◆